Vol. 7, Issue: 6, June: 2019
(IJRSML) ISSN: 2321 - 2853

# ગુજરાત રાજ્યના નવસારી જિલ્લાના અનુસૂચિત-જનજાતિઓની આર્થિક ઉન્નતિમાં સહકારી દૂધમંડળીઓની ભૂમિકા

પ્રો.રાકેશકુમાર એમ. ગાંવિત
એસોસીએટ પ્રોફેસર
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંસદા,
(હનુમાન બારી) તા. વાંસદા, જી. નવસારી.

## ૧. પ્રસ્તાવના

કૃષિ અને પશુપાલન એ બન્ને એકબીજાના પૂરક વ્યવસાય છે. બહુજન સમાજ જીવન ટકાવવા ખેતી ઉપરાંત બીજા પૂરક વ્યવસાયની અનિવાર્યતા જણાય છે. ખેતીમાંથી પેદા થતી આડપેદાશો પશુધન માટે ઉપયોગ કરીએ છીએ. પાક ઉત્પાદન અને દૂધ ઉત્પાદન બન્ને મળીને મિશ્ર વ્યવસાય અસ્તિત્વમાં આવે છે. દેશના અને ગુજરાતના મોટા ભાગના ખેડૂતો ખેતી સાથે દૂધનું ઉત્પાદન કરે છે. તેમના માટે દૂધ ઉત્પાદનનો વ્યવસાય આદર્શ અને પૂરક વ્યવસાય ગણાય છે. આ વ્યવસાય આવક અને રોજગારીમાં વધારો કરે છે. સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં સુધારો કરે છે તેમજ બિન આવડતવાળા કામદારોની રોજીની તકોમાં પણ વધારો કરે છે.

દેશની ૬૮% વસતિ ગ્રામિણક્ષેત્રમાં રહે છે, કુલ કામ કરતી વસતિનો લગભગ અડધા કરતાં પણ વધારે ભાગ ખેતીઅને તેની સંલગ્ન ક્ષેત્રમાં રોકાયેલો છે. વળી, ખેતી અને પશુપાલન એક સિક્કાની બે બાજુની જેમ જોડાયેલા છે. ગુજરાતના સંદર્ભે જયારે આ વ્યવસાય પર નજર કરીએ છીએ ત્યારે આપણને તેનું સહકારી તંત્ર પ્રથમ દેખાય છે. બીજા શબ્દોમાં કહીએ તો દેશ કે દુનિયાની શ્વેતક્રાંતિની શરૂઆત ગુજરાતમાંથી ( ડિસેમ્બર- ૧૯૪૬) થઈ છે. ગુજરાતના ૩૩ લાખ સભાસદો ડેરી વ્યવસાય સાથે જોડાયેલા છે. આનો અર્થ એ થાય કે, ૩૩ લાખ x સરેરાશ ૫ વ્યકિત (કુટુંબના) એટલે ગુજરાતની ૬ કરોડની વસતિમાંથી દોઢ કરોડની વસતિને દૂધની આવકનો સહારો મળે છે. છેલ્લા દાયકામાં સવાલાખ ખેડૂતોએ દેશના જુદા- જુદા રાજયોમાં આપઘાત કર્યા છે. ગુજરાત આમાંથી બાકાત રહયું છે, જેનો શ્રેય ખેતીની સાથે સાથે સહકારી ડેરી ઉદ્યોગને જાય છે. મહિનામાં ત્રણ વખત દૂધનાં વ્યાજબી નાણાં ચૂકવીને ખેડૂતોની (પશુપાલકની) સિકલ બદલી નાંખી છે. એક સૌરાષ્ટ્રને બાદ કરતાં સમગ્ર ગુજરાતમાં જિલ્લા કક્ષાની ડેરીઓ,(સંઘો) કામ કરી રહ્યા છે. વળી જિલ્લાની ડેરીઓ, ગ્રામ ડેરીઓ (૧૫૧૩૩) તથા તેની સાથે સંકળાયેલા વ્યક્તિઓ બધાનો સરવાળો કરીએ તો પેલા દોઢ કરોડ ઉપરાંત ૨૫ લાખને રોજી મળે છે. ટૂકમાં ગુજરાતમાં સહકારી ડેરી વ્યવસાયે નાના- સીમાંત તથા જમીન વિહોણા ખેત મજૂર કુટુંબોની આર્થિક ઉન્નતિમાં ચોક્કસ ફેરફાર લાવ્યા છે.

૧.૫ રાજયની આવક (G D P) (૨૦૧૪-૧૫)(ચાલુ ભાવોએ)

| ક્રમ | વિભાગ | ફાળો (%) |
|---|---|---|
| ૦૧ | પ્રાથમિક ક્ષેત્ર | ૧૯.૪ |
| ૦૨ | દ્રિતિય ક્ષેત્ર | ૪૨.૬ |
| ૦૩ | તૃતિય ક્ષેત્ર | ૩૮.૦ |

સ્રોત : *Economics review. Guj. Stat (2015-16)*

ખેતીના કુલ હિસ્સામાં પશુપાલનનો હિસ્સો ૧૪.૭ ટકા છે. સાથે સાથે દૂધ ઉત્પાદનમાં પણ વધારો થતો રહ્યો છે.

અર્થતંત્રના જુદા જુદા ક્ષેત્રોના વિકાસમાં સહકારી પ્રવૃતિનો ફાળો વધતો ગયો છે. પરંતુ ડેરી ઉદ્યોગમાં સહકારિતાની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ છે.પરિણામ સ્વરુપ આજે દૂધ ઉત્પાદનમાં ભારત આજે વિશ્વમાં પ્રથમ ક્રમે છે. વિશ્વના કુલ ઉત્પાદનમાં ભારતનો હિસ્સો ૨૧ ટકાભારતના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો લગભગ ૨૭ ટકા રહ્યો છે.

**૨. ગુજરાતમાં દૂધ, ઈંડા અને ઉનનું ઉત્પાદન**

| ક્રમ | વિગત | યુનિટ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
|---|---|---|---|---|---|
| ૧ | દૂધ | લાખ ટન | ૧૦૩.૧૫ | ૧૧૧.૧૩ | ૧૧૬.૯૧ |
| ૨ | ઈંડા | લાખ સંખ્યા | ૧૪૫૫૮ | ૧૫૫૫૦ | ૧૬૬૬૫ |
| ૩ | ઉન | લાખ કિ. ગ્રા. | ૨૬.૬૪ | ૨૫.૭૮ | ૨૫.૭૭ |

*સ્રોત : - Economics raviaw guj. Stat. (2015-16)*

ઉપરોક્ત કોષ્ટક રાજયમાં દૂધ, ઈંડા અને ઉન ઉત્પાદનની માહિતી રજૂ કરી છે. જે પૈકી દૂધનું ઉત્પાદન ટનમાં, ઈંડા સંખ્યામાં અને ઉનનું ઉત્પાદન કિ. ગ્રા. માં દર્શાવ્યું છે. કોષ્ટક પરથી જણાય આવે છે કે, ગુજરાત રાજયમાં દૂધ ઉત્પાદન આપેલ સમય ગાળા દરમિયાન વધતું જણાય છે.

**૩. કુલ દૂધ ઉત્પાદકો અને તેઓને ચુકવણી**

| વર્ષ | કુલ દૂધ ઉત્પાદકો | ચૂકવણી ( રૂ. કરોડ માં ) |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૨.૧૬ લાખ | ૪૮૫૪ |
| ૨૦૦૮-૦૯ | ૨૭.૯૭ લાખ | ૫૭૮૯ |
| ૨૦૦૯-૧૦ | ૨૯.૦૯ લાખ | ૬૮૯૩ |
| ૨૦૧૦-૧૧ | ૩૦.૩૧ લાખ | ૮૩૪૫ |
| ૨૦૧૫-૧૬ | ૩૩.૦૦ લાખ | NA |

એક અંદાજ મુજબ વિશ્વમાં ૫૪૦ ટન દૂધ ઉત્પાદન થાય છે. જે પૈકી ૮૮ ટકા જેટલું દૂધ ગાયનું છે. જયારે બાકીનો ભેંસ, ઘેંટા તથા બકરીના દૂધનો હિસ્સો છે. દૂધ ઉત્પાદન ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં એકમાત્ર ભારત દેશ સૌથી અધિક દૂધ ઉત્પાદન કરતો દેશ છે. ભારતીય ડેરી ઉદ્યોગની એ પરંપરા રહી છે કે તે અસંગઠિત વિભાગ હસ્તકહોવાને કારણે કોઈ પણ જાતના પ્રોસેસીંગ વગર બજારમાં છૂટક રીતે વેચાય છે. ગુજરાતના ગ્રામીણ અર્થતંત્રમાં પશુપાલન અને ડેરી મુખ્ય ભૂમિકા ભજવે છે. ભારતમાં ગુજરાત દૂધનું સૌથી વધુ ઉત્પાદન કરતું રાજય છે. અમૂલ ડેરી એશિયાની મોટામાં મોટી ડેરી છે. પશુપાલનમાં દૂધનું છેલ્લા પાંચ વર્ષનું ઉત્પાદન નીચેના કોષ્ટક પરથી જોઈ શકાય છે.

ગુજરાતમાં દૂધનું ઉત્પાદન

| વર્ષ | ઉત્પાદન ( હજાર ટનમાં ) |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૯૮૧૬.૫૧ |
| ૨૦૧૨-૧૩ | ૧૦૩૧૪.૬૩ |
| ૨૦૧૩-૧૪ | ૧૧૧૧૨.૬૭ |
| ૨૦૧૪-૧૫ | ૧૧૬૯૦.૫૭ |
| ૨૦૧૫-૧૬ | ૧૨૨૬૨.૩૬ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે વર્ષ- ૨૦૧૪-૧૫ ના ૧૧૬.૯૧ લાખ ટનથી વધીને વર્ષ-૨૦૧૫-૧૬ માં ૧૨૨.૬૨ લાખ થી થયું છે.

**સંયોજિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ**

| | |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૩,૧૪૧ મંડળીઓ |
| ૨૦૦૮-૦૯ | ૧૩,૩૨૮ મંડળીઓ |
| ૨૦૦૯-૧૦ | ૧૫,૩૨૨ મંડળીઓ |
| ૨૦૧૦-૧૧ | ૧૫,૭૧૨ મંડળીઓ |
| ૨૦૧૫-૧૬ | ૧૮૧૪૯ મંડળીઓ |

**ટર્ન ઓવર ( વેચાણ ઉથલો )**

| | |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૫,૨૫૫ કરોડ |
| ૨૦૦૮-૦૯ | ૬,૭૧૧ કરોડ |
| ૨૦૦૯-૧૦ | ૮,૦૦૫ કરોડ |
| ૨૦૧૦-૧૧ | ૯,૭૭૪ કરોડ |
| ૨૦૧૬-૧૭ | 33000 કરોડ |

ઉંચા જી, ડી. પી વૃધ્ધિદર, શહેરીકરણ, આહારની બદલાતી ટેવો વસ્તીમાં થયેલ વધારો તેમજ નિકાસની તકોને કારણે દૂધની માંગમાં તાજેતરના વર્ષોમાં ઝડપી વધારો થઈ રહયો છે. નરેગા જેવા પ્રોગ્રામોને કારણે ગ્રામ્ય કુટુંબની આવકમાં વધારાને કારણે પણ ગ્રામ્ય વિસ્તારમાં દૂધની માંગમાં વધારો થયો છે. ઊચી ઉત્પાદકતા માટે પશુસંવર્ધન અમે ખોરાક માટેના વૈનાનિક અભિગમો ધ્વારા દૂધ ઉત્પાદન વધારવા માટેની દરખાસ્ત છે. ૨૦૧૧ની વસતી ગણતરી અનુસાર ગુજરાતની અનુસુચિત જંન-જાતિની વસતી નીચેના કોષ્ટક પરથી જોય શકાય છે.

**ગુજરાતની અનુસુચિત જંન-જાતિની વસતી દર્શાવતુ કોષ્ટક**

| ક્રમ | જાતિઓ | કુલ વસતી | કુલ વસતીમાં અનુ.જન-જાતિ (%) |
|---|---|---|---|
| ૧ | ભીલ, | ૪૨૧૫૬૦૩ | ૪૭.૨૮ |
| ૨ | ચૌધરી | ૩૦૨૯૫૮ | ૩.૪૦ |
| ૩ | ધાનકા,તડવી,ટેટરીયા,વળવી | ૨૮૦૯૪૯ | ૩.૧૫ |
| ૪ | ધોડિયા | ૬૩૫૬૯૫ | ૭.૧૩ |
| ૫ | દુબળા,તલાવિયા,હળપતિ | ૬૪૩૧૨૦ | ૭.૨૧ |
| ૬ | ગામિત ગમતા,ગવિત,માવચી,પાડવી | ૩૭૮૪૪૫ | ૪.૨૪ |
| ૭ | કોકણા,કોકણી,કુંકણા | ૩૬૧૫૮૭ | ૪.૦૫ |
| ૮ | નાઈકડા,નયકા | ૪૫૯૯૦૮ | ૫.૦૮ |
| ૯ | રાઠવા | ૬૪૨૩૪૮ | ૭.૨૦ |
| ૧૦ | વારલી | ૩૨૮૧૯૪ | ૩.૬૮ |
| ૧૧ | અન્ય જન-જાતિ | ૬૬૮૩૬૭ | ૭.૫૦ |
| ૧૨ | બરોડિયા | ૨૫૫૬૨ | ૫૪૭ |
| ૧૩ | પારગી | ૯૮૫૯૯૫ | ૯.૯૫ |
| | કુલ | ૯૮૭૭૬૦૭ | ૧૦૦ |

*સ્ત્રોત: વસતી ગણતરી (૨૦૧૧)*

ગુજરાતની અનુસુચિત-જન જાતિઓમાં ભીલ જાતિનું પ્રમાણ વધુ (૪૭.૨૮%) છે. નવસારી જિલ્લામા ધોડિયા, નયકા,દુબળ,તલાવિયા,હળપતી,અને કોકણી જાતિની વસતી મુખ્ય છે. પશુપાલન વ્યવસાય એ ગ્રામિણ ભારત માં કૃષિ પછી સૌથી મોટા વ્યવસાય તરીકે ઓળખ ઉભી કરેલ છે.ગ્રામિણ ભારત માં પશુપલન એ વંશ પરંપરાગત અને પ્રાચિંન વ્યવ્સાય છે જે અર્ધકુશળ અને બિન કુશળ લોકોને ઘર આગણે રોજગારીની તકો પૂરી પાડે છે પશુપાલન એ મહિલા પશુપાલક ને પૂરક કાયમી આવક પુરી પાડી કુટુમ્બ માટે આજિવિકાનુ સાધન છે. ગુજરાત રાજ્યમાં૧૦૧ લાખ પરીવારો પૈકી ૪૨ લાખ પરિવાર(૪૧.૫૮ ટકા) પશુપાલન વ્યવસાય સાથે સંકડાયેલા છે. ૨૦૧૨ ની પશુધન વસતિ ગણતરી પ્રમાણે ૨૦૦૭ ની વસતિ ગણતરી ની સરખામણીમાં કુલ પશુધન વસતી માં ૮.૫૫ % વધારો નોધાયો છે વર્ષ -૨૦૧૨-

૧૩ માં રજ્યમાં દૂધ ઉત્પાદન૧૦૩.૫ લાખ મેટ્રીક ટ્રન નોધાયેલ હતુ. જે વર્ષ ૨૦૧૧-૧૨ની સરખમણીએ ૫.૦૭નો વૃધ્ધિદર સુચવે છે.વર્ષ-૨૦૧૨-૧૩ માં દેશનું કુલ ઉત્પાદન ૧૩૨૪ લાખ મેટ્રીક ટન હતું.

**૪. રાજ્યમાં દૂધ ઉત્પાદન અને માથાદીઠ દૂધ પ્રાપ્યતા**

**રાજ્યમાં દૂધ ઉત્પાદન અને માથાદીઠ દૂધ પ્રાપ્યતા દર્શાવતુ કોષ્ટક**

| ક્રમ | વર્ષ | દૂધ ઉત્પાદન (લાખ કિ.ગ્રા.) | માથાદીઠ પ્રાપ્તિ (ગ્રામ/દૈનિક) |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૦-૦૧ | ૫૩૧૭૩ | ૨૯૧ |
| ૨ | ૨૦૦૧-૦૨ | ૫૮૭૬૦ | ૩૧૪ |
| ૩ | ૨૦૦૨-૦૩ | ૬૦૮૯૪ | ૩૨૧ |
| ૪ | ૨૦૦૩-૦૪ | ૬૪૨૦૭ | ૩૩૩ |
| ૫ | ૨૦૦૪-૦૫ | ૬૭૪૫૪ | ૩૪૪ |
| ૬ | ૨૦૦૫-૦૬ | ૬૯૬૦૦ | ૩૫૦ |
| ૭ | ૨૦૦૬-૦૭ | ૭૫૩૩૧ | ૩૭૩ |
| ૮ | ૨૦૦૭-૦૮ | ૭૯૧૧૭ | ૩૮૬ |
| ૯ | ૨૦૦૮-૦૯ | ૮૩૮૭૨ | ૪૦૩ |
| ૧૦ | ૨૦૦૯-૧૦ | ૮૮૪૨૮ | ૪૧૮ |
| ૧૧ | ૨૦૧૦-૧૧ | ૯૩૨૦૮ | ૪૩૫ |
| ૧૨ | ૨૦૧૧-૧૨ | ૯૮૧૬૫ | ૪૩૬ |
| ૧૩ | ૨૦૧૨-૧૩ | ૧૦૩૧૪૬ | ૪૫૩ |

સ્ત્રોત : registar general of india,new delhi for census data.

ઉપરોક્ત કોષ્ટકમાં જોઈ શકાય છે કે ઉત્તરોત્તર દૂધના ઉત્પાદનમાં વધારો થતો જોવા મળે છે. દૂધ ઉત્પાદનમાં થયેલ વધારાની સાથે સાથે દૂધની દૈનીક માથાદીઠ પ્રાપ્યતામાં પણ વધારો જોવા મળે છે.

**૫. નવસારીમાં પશુપલન**

પશુપાલન વ્યવસાય એ ખેતી સાથે થઈ સકતો પૂરક વ્યવસાય ઘણી શકાય તેમ છે. નવસારી જિલ્લામાં ૫૫.૦૦ ટકા જેટલી વસ્તી ખેતીક્ષેત્ર સાથે જોડાયેલ છે, જ્યારે ગ્રામીણ વિસ્તારની ૭૦ ટકાથી પણ વધારે વસ્તી ખેતી અને તેને સંલગ્ન વ્યવસાય સાથે સંકળાયેલ છે. અને મોટા ભાગની વસ્તી પશુપાલન વ્યવસાયમાં જોડાયેલ જોવા મળે છે. જિલ્લામાં પશુઓ અંગેની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

**૬. પ્રકારદીઠ પશુ સંખ્યા**

**પ્રકારદીઠ પશુ સંખ્યા દર્શાવતુ કોષ્ટક**

| | ૨૦૦૩ | | ૨૦૦૭ | | ૨૦૧૨ | |
|---|---|---|---|---|---|---|
| | **સંખ્યા** | **ટકા** | **સંખ્યા** | **ટકા** | **સંખ્યા** | **ટકા** |
| ગાય | ૧૬૪૭૧૦ | ૪૪.૨૯ | ૧૫૬૩૧૯ | ૪૭.૮૨ | ૨૩૨૭૩૮ | ૫૩.૫૮ |
| ભેંસ | ૧૧૬૬૧૦ | ૩૧.૩૬ | ૧૦૨૧૪૨ | ૩૧.૨૫ | ૧૧૫૦૩૨ | ૨૬.૪૮ |
| ઘેટું | ૩૦૧૦ | ૦.૮૧ | ૧૭૭૩ | ૦.૫૪ | ૨૦૮૯ | ૦.૪૮ |
| બકરાં | ૮૭૫૩૮ | ૨૩.૫૪ | ૬૬૬૪૪ | ૨૦.૩૯ | ૮૪૫૧૯ | ૧૯.૪૬ |
| કુલ | ૩૭૧૮૬૮ | ૧૦૦ | ૩૨૬૮૭૮ | ૧૦૦ | ૪૩૪૩૭૮ | ૧૦૦ |

*સ્ત્રોત : District Human Development report: Navsari- ૨૦૧૬*

ઉપરોક્ત કોષ્ટકમાં જોઇ શકાય છે કે પશુઓની સંખ્યામાં વધારો થતો જોવા મળે છે. કુલ પશુઓની સંખ્યામાં સૌથી વધારે પ્રમાણ ગાયોનું જોવા મળે છે, જ્યારે સૌથી ઓછુ પ્રમાણ ઘેંટાંનું છે.

## ૭. જિલ્લામાં દૂધ ઉત્પાદન અને માથાદીઠ દૂધ પ્રાપ્યતા

જિલ્લામાં દૂધ ઉત્પાદન અને માથાદીઠ દૂધ પ્રાપ્યતા દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | વર્ષ | દૂધ ઉત્પાદન (૦૦૦ મે.ટન) | માથાદીઠ પ્રાપ્તિ (ગ્રામ/દૈનિક) |
|---|---|---|---|
| ૧ | ૧૯૯૨-૯૩ | ૦ | ૦ |
| ૨ | ૧૯૯૭-૯૮ | ૦ | ૦ |
| ૩ | ૨૦૦૩-૦૪ | ૧૧૮ | ૨૬૦ |
| ૪ | ૨૦૦૭-૦૮ | ૧૮૨ | ૩૮૬ |
| ૫ | ૨૦૦૮-૦૯ | ૧૮૪ | ૩૮૯ |
| ૬ | ૨૦૦૯-૧૦ | ૧૯૨ | ૪૦૧ |
| ૭ | ૨૦૧૦-૧૧ | ૧૯૭ | ૪૦૮ |
| ૮ | ૨૦૧૧-૧૨ | ૨૦૪ | ૪૨૧ |
| ૯ | ૨૦૧૨-૧૩ | ૨૧૯ | ૪૫૯ |

સ્રોત :*Estimated from Survey Reports on Estimates of Major Livestock Products (૧૯૯૨-૯૩ to ૨૦૧૨-૧૩), Directorate of Animal Husbandry, Gujarat State,*

ઉપરોક્ત કોષ્ટકમાં જોઇ શકાય છે કે ઉત્તરોત્તર દૂધના ઉત્પાદનમાં વધારો થતો જોવા મળે છે. દૂધ ઉત્પાદનમાં થયેલ વધારાની સાથે સાથે દૂધની દૈનીક માથાદીઠ પ્રાપ્યતામાં પણ વધારો જોવા મળે છે.

## ૮. નવસારી જીલ્લાના અભ્યાસનાં તારણો

### *૮.૧ પશુઓનું પ્રમાણ, દૂધ ઉત્પાદન અને ઉત્પાદકતા*

- અભ્યાસક્ષેત્રમાં પસંદ કરવામાં આવેલા પશુપાલક કુટુંબોમાં દૂજણા પશુઓમાં સંકર ગાયનું પ્રમાણ વધારે જોવા મળે છે. જે ૫૭.૯૦ ટકા જેટલુ છે.
- કુલ દૂજણા પશુઓનું પ્રમાણ ચોમાસા અને શિયાળાની ઋતુમાં અનુક્રમે ૫૪.૬૨ ટકા અને ૫૮.૫૭ ટકા ફેરફાર જોવા મળે છે જે વાતાવરણ અને ઋતુ ફેરને કારણે જોવા મળે છે.
- અભ્યાસક્ષેત્રમાં પસંદ કરવામાં આવેલા પશુપાલકોના પશુઓના દૂધ ઉત્પાદનમાં ઉનાળાની ઋતુની તુલનામાં શિયાળામાં અને શિયાળાની ઋતુનં તુલનામાં ચોમાસાની ઋતુમાં દૂધ ઉત્પાદનનું પ્રમાણ વધારે જોવા મળે છે. જે અનુંક્રમે ૨૯.૮૨ ટકા, ૩૩.૩૮ ટકા અને ૩૬.૮૧ ટકા છે. અભ્યાસક્ષેત્રમાં પસંદ કરવામાં આવેલ પશુપાલકોના પશુઓની દૈનીક દૂધ ઉત્પાદકતામાં ઋતુ મુજબ વધારો થતો જોવા મળે છે.
- સંકર ગાયની દૂધ ઉત્પાદકતાનું પ્રમાણ ખુબજ ઉંચું જોવા મળે છે. માટે કહી શકાય કે સંકર ગાયનો વધુ પ્રમાણમાં સ્વિકાર તેની વધારે દૂધ ઉત્પાદકતાને કારણે હોઇ શકે. વાર્ષિક દૂધ ઉત્પાદનમાં સંકર ગાયના દૂધનું પ્રમાણ વધારે જોવા મળે છે જે કુલ દૂધમાં ૭૩.૩૩ ટકા જેટલુ છે.

### *૮.૨ દૂધ વેચાણ, રૂપાંતર અને વપરાશ*

- અભ્યાસક્ષેત્રમાં પસંદ કરવામાં આવેલ પશુપાલક કુટુંબોમાં દૂધ ઉત્પાદનનો ૯૨.૯૩ ટકા હિસ્સો ગામની સહકારી મંડળીમાં વેચાણ કરે છે. દૂધ રૂપાંતરણ અને ઘર વપરાશનું પ્રમાણ દૂધ ઉત્પાદનના પ્રમાણે ખુબજ ઓછુ છે. દૂધનું જે

ઉત્પાદન થાય છે તેમાંથી કુટુંબદીઠ દૂધની વપરાશ વાર્ષિક સરેરાશ ૨૮૧.૮ લિટર જોવા મળે છે. જ્યારે વાર્ષિક માથાદીઠ દૂધની વપરાશ ૬૮.૦૧ લિટર છે અને દૈનીક માથાદીઠ દૂધની વપરાશ ૦.૧૮૬ ગ્રામ જોવા મળે છે. દૂધનું જે ઉત્પાદન થાય છે તેની સાપેક્ષે વપરાશનું પ્રમાણ ખુબજ નીચુ જોવા મળે છે. જે કુલ દૂધ ઉત્પાદનના ૦.૦૪ ટકા જેટલુ છે.

### *૮.૩ દૂધ ઉત્પાદન પ્રમાણમાં ફેરફારનાં કારણો*

- અભ્યાસક્ષેત્રમાં પસંદ કરવામાં આવેલ પશુપાલક કુટુંબો ઋતુ પ્રમાણે દૂધનાં પ્રમાણમાં થતા ફેરફારનાં કારણોમાં વાતાવરણના ફેરફારને સૌથી વધુ જવાબદાર ઘણાવે છે. આ ઉપરાંત ખોરાકમાં ફેરફાર, માંદગી અને સારવારમાં ઉણપને જવાબદાર ઘણાવે છે. જેનું પ્રમાણ અનુંક્રમે ૨૩.૮૫ ટકા, ૨૧.૭૪ ટકા અને ૬.૪૬ ટકા જેટલું છે.

### *૮.૪ ચૂકવણાનો સમયગાળો*

- દૂધનાં નાંણા દર મહિને નીયમીત પણે ચૂકવવામાં આવે છે.
- પસંદ કરવામાં આવેલ આવેલ પશુપાલકો માંથી ૬.૩૩ ટકા પશુપાલકો નિયામક મંડળના સભાસદ છે.
- મંડળી દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે જેમાં દૂધ ઉ.સંઘના તાલીમ/માહિતીના કાર્યક્રમો, પશુ રશિકરણ, પશુ તપાસ કાર્યક્રમ વગેરે જેવા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.
- દૂધની આવકનો ઉપયોગ ઘરખર્ચ અને બાળકોના શિક્ષણ પાછળ કરે છે.
- અભ્યાસક્ષેત્રમાં પસંદ કરવામાં આવેલ પશુપાલકો દ્વારા દૂધ ઉત્પાદકતા વધારવા માટે સમયાંતરે પશુઓને ખોરાક અને પાણી આપવાના, કેલ્શિવેલનો ઉપયોગ વગેરે ઉપાયો હાથ ધરે છે.

### *૮.૫ પશુપાલનમાં રોજગારી*

- અભ્યાસક્ષેત્રમાં પસંદ કરવામાં આવેલ પશુપાલક કુટુંબોમાં પુરુષ કરતાં સ્ત્રીઓમાં રોજગારીનું પ્રમાણ વધારે છે. પુરુષ સભ્યોમાં રોજગારીનું પ્રમાણ સરેરાશ વ્યક્તિદિઠ વાર્ષિક ૨૨૬ દિવસ રોજગારી મેળવે છે જ્યારે સ્ત્રીઓમાં આ પ્રમાણ સરેરાશ વ્યક્તિદિઠ વાર્ષિક ૩૦૬ દિવસ જોવા મળે છે. ઘરના બાળકો પણ સરેરાશ વાર્ષિક વ્યક્તિદીઠ ૪૧ દિવસ રોજગારી મેળવે છે. આવેલ પશુપાલકોમાં બહારના સ્ત્રી-પુરુષ સભ્યોને વ્યવસાય હેઠળ રોકવામાં આવતા નથી.

### *૮.૬ ખેતી આવક-ખર્ચ*

- ખેતીની આવકમાં સૌથી વધારે હિસ્સો અનાજ વર્ગના પાકોનો છે. ખેતી માંથી સરેરાશ કુટુંબદીઠ ચોખ્ખી આવક ૩૮૩૮૦ થાય છે. ખેતીમાં આવક ખર્ચ-ગુણોત્તર 1 : 0.56 છે.
- પશુપાલન વ્યવસાયનો આવક-ખર્ચ ગુણોત્તર ખેતીના વ્યવસાયના આવક-ખર્ચ ગુણોત્તર ઓછો છે.
- કુટુંબોના જીવનધોરણ ખર્ચમાં સૌથી વધારે ખર્ચ વપરાશી વસ્તુઓ પાછળ કરવામાં આવે છે. જેનું પ્રમાણ ૨૩.૭૪ ટકા જેટલું કરે છે.

### ૯. સરકારી યોજનાઓ અંગે જાણકારી

પશુપાલકો સરકારી યોજનાઓ વિશે જાણકારી ધરાવે છે, પશુપાલકોનો માહિતીનો મહત્વના સ્રોતોમાં ગ્રામ-પંચાયત અને દૂધ-ઉત્પાદક મંડળીઓ છે. ૪૧.૩૩ ટકા પશુપાલકોએ વિવિધ સરકારી યોજનાઓના લાભ મેળવ્યા છે. આરોગ્ય સહાયની યોજનાઓ અને આવાસ યોજનાઓના લાભ મેળવ્યા છે.